ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૧૨-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### લોકપાલ મુદ્દે ગુરુચેલાની તકરાર

રાલેગણ સિદ્ધિ જેવા ખોબા જેવડા ગામડાને આંતરરાષ્ટ્રીય ઓળખ અપાવનારા ગાંધીવાદી લોકસેવક અણ્ણા હજારે લોકપાલ બિલ મુદ્દે લાંબી ઝુંબેશ ચલાવ્યા બાદ કેન્દ્ર સરકાર દ્વારા એમની મુખ્ય ત્રણ પૈકીની બે માગણીઓ પર સરકાર સહમત થઈ જતાં હવે એમના ઉપવાસ છોડવા સંમત થયા છે. અગાઉ લોકસભામાં બિલ રજૂ થઈ ચૂક્યું છે અને રાજયસભામાં એની સુધારેલી આવૃત્તિ પસાર થયા પછી પાછું એ લોકસભાને મોકલાશે, જ્યાં એમાં સૂચવેલ સુધારાઓ મંજૂર કરાયા પછી તે રાષ્ટ્રપતિની સહી માટે મોકલાશે. સોમવારે કેન્દ્રીય મંત્રી શીશરામ ઓલાના અવસાન નિમિત્તે શ્રદ્ધાંજલી પાઠવ્યા બાદ બંને ગૃહો મુલવતી રહેશે તો અણ્ણાને વધુ એક દિવસ ઉપવાસ ખેંચવો પડશે. અણ્ણા અને એમના વર્તમાન સમર્થકો જેમાં મુખ્યત્વે કિરણ બેદી તથા જનરલ વી કે સિંહ જેવા નિવૃત્ત ઉચ્ચ અધિકારીઓ સામેલ છે- તે સરકારી બિલથી સંતુષ્ટ છે. તકલીફ એમની નાઉપરવટ રાજકીય પક્ષ બનાવી દિલ્હીમાં ચર્ચાની ચકડોળે ચડેલા અરવિંદ કેજરીવાલ અને એમના આમ આદમી પાર્ટીના સાથીઓના પક્ષે છે. તેઓ માને છે કે લોકપાલની નિમણૂક કરનારાઓ સામે લોકપાલ કઈ રીતે પગલા લઈ શકશે? બિલમાં લોકપાલની નિમણૂક કરવા માટેની સમિતિમાં વડાપ્રધાન અને વિપક્ષના નેતા સામેલ રહેવાના છે. એમને ખપતું લોકપાલ બિલ જુદું જ છે, જેને તેઓ અણ્ણાનું જ માનસ સંતાન ગણે છે અને 'જન લોકપાલ'ના હુલામણા નામે ઓળખાવે છે. અણ્ણા સાથે મતભેદ ઊભા થતાં અલગ થયેલી આ ટોળકી વિધાનસભાની તાજેતરમાં થયેલ ચૂંટણીમાં દિલ્હીની પ્રજાનું ઉમળકાભર્યું સમર્થન સાંપડતાં તાનમાં આવી ગઈ છે. હવે એ આ લોકપાલ મુદ્દે રાહુલ ગાંધી જશ લઈ જાય તે જીરવી શકે એમ નથી. વિધાનસભાની ચૂંટણીઓમાં મિઝોરમ સિવાય બધે જ નાપાસ અને નાસીપાસ થયેલીકોંગ્રેસ ૨૦૧૪ પહેલાં ઢોળાઈ ગયેલા દૂધ પર આંસુ સારવાને બદલે બગડેલી બાજી સુધારવા હાંફળી ફાંફળી બની રહી છે. રાહુલ ગાંધીએ એમની જાણીતી સ્ટાઈલમાં લોકપાલ બિલ અત્યંત જરૂરી હોવાનું નિવેદન કરી એને બધા પક્ષોની સર્વસંમતિ સાથે તાબતોબ પસાર કરાવવા કમ્મર કસી છે. ફક્ત સમાજવાદી પાર્ટી સિવાય લગભગ બધાનો સકારાત્મક સહયોગ સાંપડવાની શકયતા સરજાઈ છે. મુખ્ય વિરોધ પક્ષ ભાજપ ડાહ્યો ડમરો થઈ ગયો છે અને સરકારે રજૂ કરેલા મૂળ બિલમાં પોતે સુધારા સૂચવેલા તે આમેજ કરાયા હોઈ એનો સહકાર મળી રહેશે એવી ખાતરી આપી ચૂક્યો છે. આમ, એક મજબૂત લોકપાલ મળવાની સંભાવના સરજાઈ છે જેને પસાર કરી દેવામાં જ બેઉ મુખ્ય રાજકીય પક્ષોને ઔચિત્ય વરતાઈ રહ્યું છે. આ બિલની જોગવાઈઓ અણ્ણાને પસંદ છે, કબૂલ-મંજૂર છે પરંતુ કેજરીવાલ માને છે કે આ બિલ પસાર કરી દેવાથી જે લોકપાલ નીમાશે તે મંત્રી તો શું, ઉંદરડાને પણ જેલમાં નહીં પૂરી શકે. પ્રશાન્ત ભૂષણ સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ એડવોકેટ છે અને તેઓ પણ માને છે કે અણ્ણા મૂળે જે જનલોકપાલની માગણી સાથે જંગે મેદાનમાં ઊતર્યા હતા તેનાથી સૂચિત સરકારી બિલ ઘણું જ જુદું છે. ટીમ અણ્ણાના બોલકા સદસ્ય કુમાર વિશ્વાસે તો આ બિલ મુદ્દે ટ્વિટર પર હદ જ કરી દીધી છએ.અણ્ણાએ સરકારની સાથે સમાધાન કર્યું તેથી અણ્ણા એમને મહાભારતકાળના ગુરુ દ્રોણ જેવા લાગે છે. દ્રોણ પાંડવોને ચાહતા હોવા છતાં એમને શાસનની સાથે રહેવું પડ્યું હતું. પરંતુ ગુરુ દ્રોણ મૌન ધારણ કરી લે તો પણ પાંડવોએ તો એમની લડાઈ ચાલુ જ રાખવી પડે છે. આવાં ચિત્રવિચિત્ર નિવેદનો કરીને અને અણ્ણા ઉપર એમના અંતેવાસીઓ દ્વારા ગેરમાર્ગે દોરવાયા હોવાનો આક્ષેપ કરીને ટીમ અણ્ણા અને ટીમ કેજરીવાલ અર્થાત્ 'આપ' એકદમ સામસામાં આવી ગયાં છે. કેજરીવાલ અને એમના સાથીદારોને રાલેગણ સિદ્ધિમાં પણ નહીં પેસવાની આડકતરી ચેતવણી ખુદ અણ્ણાએ આપી દીધી છે. એમને હવે કેજરીવાલ ઍન્ડ કંપની નર્યું રાજકારણ રમતી હોવાનો અહેસાસ થઈ રહ્યો છે. કેજરીવાલ માટે એમની ઊગતી કારકિર્દીમાં આ પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ખેલ છે. કોંગ્રેસને ધરાશાયી કરવા માટે અણ્ણાને આડા ધર્યા પછી હવે એ જ અણ્ણા રાહુલ ગાંધીના બિલનો સહર્ષ સ્વીકાર કરે તો પોતાના હાથમાં આવી ગયેલું એક અમોઘ શસ્ત્ર છીનવાઈ રહ્યાની લાગણી અનુભવતા કેજરીવાલ ઘાંઘા થઈ ગયા છે. દિલ્હીમાં મોટા પક્ષ તરીકે સત્તા પર આરૂઢ થવાનો પહેલો હક ભારતીય જનતા પાર્ટીનો હતો. ત્રણ-ચાર સભ્યો ખૂટતા હોવાથી ભાજપે સંજોગો વિચારીને વિપક્ષમાં બેસવાનો નિર્ણય કર્યો ત્યારે બીજા નંબરની પાર્ટી- 'આપ'ના નેતાને દિલ્હીના ઉપરાજયપાલશ્રીએ સરકાર રચવા આમંત્રણ આપ્યું હતું. કોંગ્રેસ અને જદ(યુ)ના ચૂંટાયેલા ધારાસભ્યે એમને બિનશરતી ટેકો આપવાની ઓફર કરી તેની સામે અણઘડ બિન અનુભવી કેજરીવાલે અઢાર શરતોનો ખડકલો કરી દીધો, જેનો કોંગ્રેસે ધરાર ઈનકાર કરતાં હવે કેજરીવાલ હોબાળાના જ માણસ છે, જવાબદારી સંભાળવામાં એ ગભરાય છે- એ વાતની સ્પષ્ટ પ્રતીતિ થાય છે. આગામી સમયગાળામાં લોકપાલ બિલ બે મુખ્ય રાજકીય પક્ષોના સમર્થનથી પસાર થઈ જશે તે છતાં કેજરીવાલ તો એ મુદ્દે શેરીઓ જ ગજવવા માગે છે. પ્રજાની સહિષ્ણુતાની પણ મર્યાદા હોય છે. અણ્ણાનું સમર્થન પાંખું- પાતળું પડતું ગયું એમ કાલે કેજરીવાલ પણ એક હાસ્યાસ્પદ, મહત્વાકાંક્ષી છતાં પલાયનવાદી આગેવાન તરીકે વગોવાઈ જશે અને પ્રજામાનસમાં કંડારાયેલી એમની ઊજળી છબી બહુ જ ટૂંકા ગાળામાં ધૂંધળી બની રહેશે એવી આગાહી કરવામાં વિશેષ જોખમ નથી.

## દહેગામ તાલુકાના ગ્રામ્યમાં કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

દહેગામ, તા. ૧૬

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદના ઉપક્રમે દહેગામ તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા સર્વ સમાન ન્યાય મળી શકે આ અધિનિયમ અંતર્ગત સમાજના નબળા વર્ગો માટે કાનૂની સહાય અને સલાહ અને સમાજના નબળા વર્ગો માટે કાનૂની શિક્ષણ મળી રહે તે માટે સરળ ભાષામાં કાનૂની શિણ શિબિરોનું આયોજન તા. ૬ ડિસેમ્બરના રોજ દહેગામ તાલુકાના અમરાજીના મુવાડા, હરખજીના મુવાડા, હાથીજણ અને બહિયલ ગામમાં પ્રાથમિક શાળાઓમાં ગ્રામજનો અને અભ્યાસ કરતાં ધોરણ-૬/૭ના બાળકીને જન્મ-મરણના દાખલા અંગે, વાહન ડ્રાઈવીંગ વિષે તેમજ મહિલાઓને અપાતો માનસિક ત્રાસ અને ગ્રાહક સુરક્ષા અંગે શિબિરમાં માહિતી આપવામાં આવી હતી.

આ શિબિરમાં ગુજરાત હાઈકોર્ટ લીગલ સર્વિસીઝ કમિટિ દ્વારા મનીષભાઈ આર. બ્રહ્મભટ્ટ (ડી.વાય.એસ.ઓ.) દહેગામ તાલુકા કાનૂની સેવા સમિતિના સેક્રેટરી રૂચિરભાઈ શુકલ, દહેગામ કોર્ટના ધારાશાસ્ત્રી યોગેશભાઈ જનસારી, રાજુભાઈ મનસુરી, શર્મિષ્ઠાબેન પંચાલ તેમજ દહેગામ તાલુકા કાનૂની સેવા સમિતિના પેરા લિગલ (વોલીએન્ટર્સ કન્સીલેટર આર.જે. રાઠોડ, ગણપતભાઈ રાઠોડ, હંસાબેન શ્રીમાળી સહિતનાઓએ ગ્રામજનોને વિનામુલ્યે કાનૂની સેવા અને કાયદાકીય માહિતી આપી હતી અને માહિતગાર કર્યા હતા.





ગાંધીનગરની જાણીતી હિલવુડ સ્કૂલનો ૭મો વાર્ષિકોત્સવ તા. ૧૪મી ડિસેમ્બર શનિવારે સ્કૂલ કેમ્પસમાં યોજાઈ ગયો. આ સમારંભમાં એરફોર્સના એર માર્શલ આર.કે. ધીર મુખ્ય મહેમાન તરીકે તેમજ કુ. સ્તુતિ દિક્ષીત અને આર.કે. મિશ્રા આમંત્રિત મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતાં. મંગલદીપ પ્રાગટય અને સરસ્વતિ વંદનાથી પ્રારંભ થયેલા આ કાર્યક્રમમાં સ્કૂલના આચાર્યા શ્રીમતી આશા છીબ્બરે વાર્ષિક અહેવાલ વાંચી સંભળાવી સમગ્ર વર્ષ દરમિયાન શાળાએ કરેલી પ્રવૃત્તિઓ વિશે સૌને માહિતગાર કર્યા હતાં. ત્યારબાદ વિવિધ નૃત્યો, નાટય-સંગીત જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો અને જીવન ઉપયોગી મૂલ્યો નો ઉપદેશ આપતી પોટલી બાબાની વાર્તાઓ ઉપર આધારિત કાર્યક્રમ રજૂ કરાયો હતો. શાળાના સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા 'ધ બિશપ્સ કેન્ડલ સ્ટીકસ' નામનું નાટક ભજવવામાં આવ્યું હતું. પૂરા વાર્ષિક કાર્યક્રમનો થીમ ૠતુઓ પર હતો. જેમાં અલગ અલગ ૠતુઓ જેવી કે ઉનાળો, વરસાદ, પાનખર, શિયાળો અને વસંતને અલગ અલગ નૃત્યોના પ્રકાર દ્વારા સિનિયર વિદ્યાર્થીઓએ રજુ કરી હતી. મહેમાનોના પ્રાસંગિક પ્રવચન બાદ અંતમાં ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો તેમજ શાળાના વાઈસ પ્રિન્સિપાલ કુ. સુજાતા ટંડને આભારવિધિ કરી હતી.

## આદર્શ નિવાસી શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૬

**ખેલ મહાકુંભની એથ્લેટિકસ સ્પર્ધામાં આદર્શ નિવાસી શાળા સે-૧૩ની વિદ્યાર્થીનીઓ ધીરજબેન ચાવડા ઊંચી કૂદમાં પ્રથમ અને પ્રિયંકાબેન આસોડિયા ૮૦૦મી.માં પ્રથમ આવી હતી તેમજ શાળાની વિદ્યાર્થીનીએ અલગ અલગ સ્પર્ધામાં ભાગ લઈ શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્યા કુસુમબેન ચૌહાણે વિદ્યાર્થીનીઓની સિધ્ધિને બિરદાવી હતી.**

દાદા જોસેફ મેકવાન સંપાદિત સમાજ મિત્રના

## 'દીકરી હેતની હેલી' વિશેષાંકનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૬

ભારતીય સાહિત્ય અકાદમી એવોર્ડ તેમજ ગુજરાતી સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા અને ગુજરાતી દલિત સાહિત્યની ધરોહર સમા ખ્યાતિ પ્રાપ્ત સર્જક દાદા જોસેફ મેકવાન સંપાદિત 'સમાજ મિત્ર'ના 'દીકરી હેતની હેલી' વિશેષાંકના વિમોચન તેમજ લોકાર્પણ સમારોહ તા. ૨૨મી ડિસેમ્બર રવિવારે સેકટર-૧૭માં આવેલી સ્ટાફ ટ્રેનિંગ કોલેજના ઓડીટોરીયમ ખાતે સવારે ૧૦.૩૦ વાગે યોજાનાર છે. આ સમારંભમાં ગુજરાત રાજય સરકારના સામાજિક ન્યાય અધિકારિતા, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી રમણલાલ વોરા, જોસેફ મેકવાનના પરમ સખા લબ્ધ, પ્રતિષ્ઠિત સાહિત્યકાર મણિલાલ પટેલ, ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પ્રવિણ ગઢવી, ખ્યાતનામ સર્જક કવિ ભાગ્યેશ જહા, મનપા કમિશનર એલ.પી. પાડલીયા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા રમતગમત કચેરી દ્વારા આયોજિત સ્કેટીંગ ટૂર્નામેન્ટની જિલ્લા લેવલની સ્પર્ધામાં લેકાવાડાની ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ધોરણ-૮ના વિદ્યાર્થી અક્ષય દિનેશભાઈ પટેલે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. વિજેતા વિદ્યાર્થીને જિલ્લા રમતગમત કચેરી દ્વારા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું હતું. તેમજ શાળા પરિવાર તરફથી અભિનંદન સાથે ઉજજવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી છે.



ગાંધીનગર ટાઉનહોલ ખાતે ગઈકાલે સૌરાષ્ટ્ર, કચ્છ સેવા સમાજ તરફથી એક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાઈ ગયો. જૂના અને ફિલ્મી ગીતોનો કાર્યક્રમ વોઈસ ઓફ કિશોરકુમાર ફેઈમ તપનકુમાર અને રક્ષીત પંડ્યા, ઈરફાન દિવાન, આલાપી કંસારા દ્વારા ગવાયેલા ગીતોને હાજર શ્રોતાઓએ સુંદર પ્રતિસાદ આપ્યો હતો. સમગ્ર સંગીતમઢ્યા કાર્યક્રમનું સંચાલન આરીફ ખાતે કર્યું હતું. આ પ્રસંગે સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ તરફથી તાજેતરમાં માસ્ટર્સ એથ્લેટીક્સ દ્વારા રાજકોટ ખાતે રમાયેલ રમતોમાં ૧૦૦ મી દોડ, ૨૦૦ મી. દોડ, ગોળાફેંક સ્પર્ધામાં ગોલ્ડ મેળવનાર ૬૬ વર્ષીય રાષ્ટ્રીય એવોર્ડ શિક્ષિકા શ્રીમતી ઈન્દુમતીબેન નીમાવતનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. તેઓની આ ઉંમરે સતત ચોથી વખત ૩-૩ ગોલ્ડ મેળવવાની સિદ્ધિને બિરદાવવામાં આવી હતી. જીલુભા ધાધલ, મગનદાદા કાકડીયા, જગતભાઈ કારાણી, તેમજ સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના અન્ય હોદ્દેદારો ઉપસ્થિત થયા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

## હરિની દૃષ્ટિ...



*ભાભી, તમારા એ, ઉત્સાહમાંને ઉત્સાહમાં દોડતા દોડતા દિલ્હી બાજુ જતાં રહ્યાં...!!*

## સમદર્શન આશ્રમ ખાતે શ્રીમદ્ ભાગવત કથા યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

શહેરના સે. ૧માં આવેલ સમદર્શન આશ્રમ દ્વારા નગરજનો માટે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન તા. ૨૦થી ૨૭ડિસેમ્બર સુધી યોજવામાં આવ્યું છે.

નગરજનો માટે સમરદર્શન અનેરો અવસર લઈને ગાંધીનગરના આંગણે લઈને આવ્યું છે. સમદર્શન આશ્રમ ખાતે તા. ૨૦ડિસેમ્બરથી રોજ એક કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં સવારે ૯થી ૧૨ અને બપોરે ૩ થી ૬ દરમ્યાન કથા પ.પૂ. ગુરૂમા સમાનંદ સરસ્વતીના શ્રીમુખે કરવામાં આવશે.

સમદર્શન આશ્રમ ખાતે તા. ૨૦ થી ૨૪ દરમ્યાન દેવસ્થાપન, ભાગવતજીનું સામૈયુ, ગણેશ વિષ્ણુ પૂજન, ધ્રુવ ચરિત્ર, વામન અવતાર, શ્રીરામ જન્મ જેવા કાર્યક્રમ યોજાશે. ત્યાર બાદ તા. ૨૪ થી ૨૭દરમ્યાન સાંજે ૫.૦૦ કલાકે રાસલીલા, કંસઉદ્ધાર, કૃષ્ણ-રૂકમણી વિવાહ, કૃષ્ણ-સુદામા મિલન, ફળકથન અને પ્રાર્થના કરવામાં આવશે.

ભાગવત કથા દરમ્યાન રોજ રાત્રે ગુજરાતના ખ્યાતનામ કલાકારો દ્વારા શાસ્ત્રીય સંગીત, કૃષ્ણજીવન ગાન, ભજન સંધ્યા, રાસ-ગરબા, કૃષ્ણલીલા નૃત્ય, (કથક) કૃષ્ણનૃત્ય (ભરત નાટ્યમ) સહિતના કાર્યક્રમ યોજવામાં આવશે.

કથામાં પોથી યજમાન તરીકે કિરીટ અધ્વર્યુ, સંગીતા અધ્વર્યુ અને મુખ્ય યજમાન તરીકે ડૉ. સંજીવ હરિભક્તિ અને ડૉ. નિભા હરિભક્તિ હાજર રહેશે. આ પાવન પ્રસંગે સમગ્ર ગાંધીનરની ધર્મપ્રેમી જનતાને પૂજ્ય ગુરૂમા સમાનંદજીની વાણીનો લાભ લેવા સમાનંદ આશ્રમ દ્વારા જણાવ્યું છે.

## દીકરી પાસે ધન નહોતુ પણ દિલની અમીરાત ઓછી નહોતી, વહાલના દરીયાને વળી દયા, પ્રેમ, કે લાગણીની ક્યારેય ખોટ પડી છે?

### સમાજ ચિંતન
- પોપટલાલ પ્રજાપતિ

દીકરી હંમેશા વહાલનો દરીયો રહી છે, પરીવારમાં લાગણીનો ગમે તેટલો દુકાળ પડે પણ આ સ્નેહનો સમંદર કદી સુકાતો નથી. એની ભીતરમાં દયા, પ્રેમ અને લાગણીનો અખૂટ ભંડાર ભર્યો હોય છે. ખાસ કરીને બાપ વિધૂર બને ત્યારે તેના દીકરા ગમે તેટલા સમૃદ્ધ હોય પણ લાગણીની હૂંફ તેને દીકરી તરફથી જ મળે છે. વિધૂર બાપ હૈયાની વાત દીકરી આગળ ખુલ્લા મનથી કરી શકે તેટલા ખુલ્લા મનથી દીકરા આગળ નથી કરતા આ સમાજનું સત્ય છે. ભર્યા પરીવારમાં બાપ જ્યારે ઓશિયાળો બને ત્યારે દીકરી તેમના પડખે આવીને ઉભી રહે છે. કંઈક આવી જ ઘટનાનો મર્મ પ્રસ્તુત ઘટના પરથી જાણવા મળશે.

લગ્નગાળાની મોસમ પૂરું બહારમાં ખીલી છે. સંગીતાના ભત્રીજાના લગ્ન હતા. સંગીતાના હરખનો પાર નહતો કારણ કે બાપ-દાદાની જમીન વેચાઈ તેના કરોડો રૂપિયા આવ્યા અને તેના બંને ભાઈઓ રાતોરાત કરોડપતિ બની ગયા. ભાઈએ ૨૫૦ રૂપિયાની મોંઘીદાટ કંકોતરી છપાવી. દરેક કંકોતરી સાથે સૂકો મેવો અને મીઠાઈનું બોક્ષ પણ મોકલવામાં આવ્યું. (હવે તો શ્રીમંતાઈનું આ પ્રતિક બની ગયું છે) બહેનનો પરીવાર મધ્યમ વર્ગનો, એક બાબો અને એક બેબી. પણ બંને ભણવામાં હોંશિયાર. દીકરો એન્જિનિયરીંગમાં અને દીકરી મેડીકલમાં અભ્યાસ કરે. ઘરમાં કાયમ આર્થિક ખેંચ રહેતી. પણ હવે બહેનને આશા બંધાઈ કે ભાઈઓ કરોડપતિ બની ગયા છે હવે મારા દીકરાઓના અભ્યાસમાં કોઈ તકલીફ નહીં પડે. ભાઈએ ખૂબ ધામધૂમથી ભત્રીજાના લગ્ન કર્યા. પૈસા પાણીની જેમ વાપર્યા, છાને છપને આવેલી સંપત્તિને જાહેર કરવાની લોકો તક જ શોધતા હોય છે. રસોડું પણ ક્ષણ હજાર માણસોનું... એવું લાગતું કે રીસેપ્શનમાં માણસો કરતાં વાનગી વધારે હતી. પંજાબી, ચાઈનીઝ, કાઠિયાવાડી, મદ્રાસી, ગુજરાતી, જૈન, દરેક પ્રકારની રસોઈઓ. મુખવાસનો કોઈ પાર નહીં, આઈસ્ક્રીમની અનેક વેરાયટી. સંગીતા ગાંડી ઘેલી થઈ ગઈ. પણ આટલા હરખ વચ્ચેય તેની આંખ ભીંજાઈ ગઈ.. જો 'મા' અત્યારે જીવતી હોત તો તેને કેટલો હરખ થાત? બિચારીએ જીવનભર દુઃખ વેઠ્યું છે...મા ના ગયા પછી પિતા એકવાયા જિંદગી ગુજારે છે. હવે તેમને પણ પાછલી જિંદગીમાં સુખ મળશે. હરખઘેલી બેન ભત્રીજા માટે સોનાની વીંટી કરાવી લાવેલી. પ્રસંગમાં શોભે તેવું તો કરવું પડે ને?.. રોશનીની ઝાકમઝોળ અને આતશબાજીથી આકાશ છવાયું હતું.. અને ભત્રીજો ખુબ ધામધૂમથી પરણી અમેરિકા હવાઈ માર્ગે હનીમુન કરવા ઉપડી ગયો.. અવસર વીત્યે સંગીતા પોતાના ઘેર પાછી ફરી. દીકરી એમબીબીએસના ફાઈનલ વર્ષમાં હતી .પૈસાની જરૂર હતી. બહેનને આશા હતી, ભાઈ ક્યાં ના કહેવાના છે? પણ ઘણીવાર માનવીની અપેક્ષા કરતાં વિપરીત જ બને છે. કારણ કે આજનો માનવ સ્વકેન્દ્રી બનતો જાય છે તેને વ્યવહારિક્તા, નીતિમત્તા કે લાગણી સાથે બહુ મેળ ખાતો નથી. અચાનક આવેલી અને પરિશ્રમ વગરની સંપત્તિ ભલભલાની મતિ ફેરવી નાખે છે. જે ભઈલા માટે સંગીતાને અનહદ લાગણી હતી તે ભઈલો લક્ષ્મીપતિ બન્યા પછી બદલાઈ ગયો હોય તેમ સંગીતાને લાગવા માંડ્યું. બહેને હિંમત કરીને દીકરીના ભણતર માટે કંઈક મદદ કરવા ભાઈને વિનંતી કરી. ભાઈએ સલાહ આપી, જો બેન, આપણી પછેડી હોય તેટલા પગ લાંબા કરીએ. પહોંચ ના હોય તો છોકરાને ઉચ્ચ અભ્યાસ ના કરાવાય.. અને સંગીતાના પગ તળેથી ધરતી ખસવા લાગી... ભાઈમાં આટલું બધું પરીવર્તન? પણ તે ખામોશ રહી.. તેણે પપ્પાને મળવાની ઈચ્છા વ્યકત કરી, જવાબ મળ્યો પણ બંગલાની બાજુની એક ઓરડીમાં રહે છે. દીકરીને સમજતાં વાર ન લાગી, તે દોડતી જઈ પપ્પાને મળી.. પપ્પાએ દીકરીના માથે હાથ મૂક્યો અને બસ, જબાન સીવાઈ ગઈ, જાણે શબ્દ શૂન્ય બની. આંખો અનરાધાર વરસવા લાગી. વિધુર બાપનો એક માત્ર સહારો એની દીકરી હોય છે. બાપ-દીકરીએ સુખ-દુઃખની વાતો કરી. દીકરીને પિયર જતાં પહેલાં છેલ્લે ભાઈને મળવાની ઈચ્છા થઈ... ભાઈને ઠપકો આપ્યો હતો. ખૂબ વ્યથિત હૃદયે બેન ભાઈ પાસે આવી અને કહ્યું. ભાઈ, બાપાએ આખી જિંદગી ખેતી કરી જમીન સાચવી ત્યારે તમે કરોડપતિ બન્યા છો. હવે જિંદગીના અંતિમ દિવસોમાં બાપને એક જુદી ઓરડીમાં રાખી મૂક્યા છે? ત્યારે ભાઈએ નફ્ફટાઈથી જવાબ આપ્યો, બાપ, મારા એકલાના થોડા છે? મિલકત મેં એકલાએ થોડી લીધી છે? બીજા ભાઈની પણ જવાબદારી થાય છે ને? હવેથી બાપાને છ મહિના હું રાખીશ અને છ મહિના નાનોભાઈ રાખશે. જે બાપે દીકરાઓને કરોડપતિ બનાવ્યા એ દીકરાઓએ સંપત્તિ સાથે બાપની પણ વહેંચણી કરી નાખી. કેવો કળિયુગી ન્યાય? સંગીતા સમજી ગઈ, જે ભાઈ સગા બાપને રાખવા તૈયાર ન થાય તે મારા ભાણિયાને શું મદદ કરે..? છતાં તેણે મૌન રાખ્યું. કદાચ કોઈ કડવા વેણ નીકળી જાય અને પરિણામ 'બાપ'ને ભોગવવું પડે. સાડીના પાલવથી આંખના આંસુ લુછી બાપને હિંમત આપી દીકરી પોતાને ઘેર પાછી ફરી... બંને ભાઈઓ હવે સમાજમાં પ્રતિષ્ઠિત ગણાવા લાગ્યા.. પચીસ પચીસ હજારનું દાન તો સહજમાં લખાવી દેતા. કેટલાક તેમને દાનેશ્વરી તો કોઈ વળી સમાજના ભામાશા ગણવા લાગ્યા. આવા દાનવીરોને ભામાશાનું બિરુદ આપનારા સમાજ કાં તો ઈતિહાસથી અજ્ઞાન હોય છે કાં તો ભાટાઈ કરી પોતાનો સ્વાર્થ સાધી લે છે. એકવાર સમાજનું મોટું ફંકશન હતું સંગીતના ગામમાં જ આ ફંકશન હતું. સંગીતા નવી સાડી પહેરી ફંકશનમાં ગઈ એનો ભઈલો સમાજનો પ્રમુખ હતો. સભામાં સૌએ ભાઈનો જય જયકાર કર્યો, દાનેશ્વરી, લાગણીશીલ, પ્રેમાળ, સમાજસેવી ના ઢગલાબંધ ઈલકાબો આપી ભાઈને ગુલાબનો ભારેખમ હાર પહેરાવ્યો અને ભાઈએ તાળીયોના ગડગડાટ વચ્ચે શૈક્ષણિક પ્રવૃત્તિ માટે રૂા. ૨૧ લાખનું દાન જાહેર કર્યું. આખો હોલ જય જય કાર કરવા લાગ્યો. એકમાત્ર સંગીતા હતપ્રભ બની આ દૃશ્ય નીહાળી રહી હતી. આજે પહેલીવાર તેને સમાજની ઓળખ થઈ. પ્રસંગ વિત્યે તેણે ભાઈને મળવા પ્રયત્ન કર્યો પણ ભાઈ તો ગાડીમાં બેસી સડસડાટ ઉપડી ગયો...

એકાદ મહિનો થયો અને સંગીતાને પિતાની યાદ આવી. થયું લાવ પિતાની ખબર કાઢતી આવું અને ભાઈને મળતી આવું. કદાચ તેનામાં દયા પ્રગટે તો મારી ભીડ ભાંગે.. ફરીવાર ભાઈને વિનંતી કરી ભાઈ, કંઈક મદદ... જો બેન, મેં હમણાં જ સમાજમાં રૂા ૨૧લાખનું દાન કર્યું છે એટલે હાલ બિલકુલ જોગવાઈ છે નહીં. પછી વિચારીશું સંગીતાના આખા શરીરમાં ધ્રુજારી ઉત્પન્ન થઈ. તેને ચક્કર આવવા લાગ્યા. તે ત્યાંજ બેસી ગઈ. હૃદયના ધબકારા વધવા લાગ્યા. તેને થયું કે પિતાને મળી જલ્દી અહીંથી નીકળી જાઉં... બાજુની ઓરડીમાં તપાસ કરતાં પિતાની પથારી ખાલી હતી... ભાભીને બૂમ પાડી, ભાભી મારા બાપુ ક્યાં છે? ભાભીએ કહ્યું બેન બા, તમારા પિતાની તબિયત સારી નહોવાથી છેલ્લા ત્રણ દિવસથી તેમને સરકારી દવાખાનામાં દાખલ કર્યા છે. સંગીતા દોડતી દવાખાને ગઈ. પિતા પથારીમાં એકલા સૂતા હતા, તાવમાં ધ્રૂજી રહ્યા હતા. દીકરીને જોતાં જ બાપ પોતાની વેદના ભૂલી ગયા. પથારીમાં એકદમ બેઠા થઈ દીકરીને ગળે લગાડી. દીકરીએ બાપને બાથમાં લીધા જાણે એક મા પોતાના દીકરાને બાથમાં લઈ છાતીએ વળગાડી તેના માથે હાથ ફેરવે તેમ.. બાપુ, તમને શું થયું... મને જાણ પણ ન કરી.. બાપુ, તમારી સેવા માટે કોણ રહે છે? બાપાએ કહ્યું દીકરી, ભગવાન મારી રખેવાળી કરે છે, ઘરેથી બે ટાઈમ ટીફીન આવે છે... અને સંગીતા હોસ્પિટલમાંથી દોડતી બહાર નીકળી ગઈ.. થોડી વારમાં પાછી આવી.. રીક્ષા લઈને... હોસ્પિટલ સ્ટાફની મદદથી બાપને રીક્ષામાં બેસાડી દીધા અને દીકરી બાપની સેવા કરવા તે પોતાના ઘેર લઈ ગઈ. દીકરીને વહાલનો દરીયો કંઈ અમસ્તુ કહેવાયું હશે? દીકરી પાસે ધન નહોતું પણ દીલની અમીરાત ઓછી નહોતી વહાલના દરીયામાં વળી દયા પ્રેમ કે લાગણીની ક્યારે ખોટ પડી છે?